શહેરમાં અષાટ વદ બીજથી હિંડોળો ઝાકમઝોળ

શ્રીકૃષ્ણ મંદિરોમાં હિંડોળા ઉત્સવની ભવ્ય ઉજવણીઓનું આયોજન : શ્રી પંચદેવ મંદિર, શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોવર્ધનનાથજીની હવેલી ખાતે હિંડોળા દર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં અષાઢ વદ બીજથી હિંડોળાનો પ્રારંભ થઈ રહ્યો છે. ૧૫મી જુલાઈથી ૧૩મી ઓગષ્ટ સુધી હિંડોળા પર્વ યોજાશે. જેમાં ગાંધીનગરમાં શ્રી પંચદેવ મંદિર, સે. ૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર, સે. ૨ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિરમાં ભવ્ય હિંડોળા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. હિંડોળાના અનેક પ્રકારો છે, તેમાં બગીચામાં હિંડોળા, સોનાના, શાકભાજીના કલાત્મક હિંડોળા, ચાંદીના હિંડોળા, પાનના હિંડોળા, પવિત્રાના હિંડોળા, ગુલાબના હિંડોળા, ફળના હિંડોળા, કાચના હિંડોળા, નાની ઘડૂલીઓના હિંડોળા, પનઘટ, પલના, શીતલ કુટીર, ફૂલ બંગલા, ખસના બંગલા, મીનાકારીના બંગલા, બિંદીના હિંડોળા, કટલરીના હિંડોળા વિગેરે હિંડોળા યોજાય છે. અષાઢ-શ્રાવણ માસથી વરસાદી મોસમમાં સંધ્યા સમય એટલે કે આરતીનો સમય થતાં વૈષ્ણવો મંદિરમાં જઈને રેશમની દોરી વડે હિંડોળામાં બિરાજેલા પ્રભુને હિંડોળવા અધીરા બની જાય છે. કારણ કે વરસાદી પવિત્ર વાતાવરણમાં હિંડોળાનો ભવ્ય ઉત્સવ ઉજવાય છે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી વૈષ્ણવ મંદિરોમાં અને હવેલીઓમાં જાતજાતના અને ભાતભાતના હિંડોળા થાય છે. ભક્તો શણગારેલા હિંડોળામાં ઠાકોરજી પધરાવી સાંયકાળે આરતી બાદ હિંડોળાના પદો ભક્તિભાવપૂર્વક ઝીલે અને ઝિલાવે છે. દોરી પણ હીરની ને મણિમાળાની રખાય છે. એ ખેંચતા સોનારૂપાના કસબથી ભરપૂર મોરલા ડોલી ઉઠે છે. ઘંટડીઓ રણઝણી ઉઠે છે. કીર્તન-ભક્તિથી વાતાવરણ દિવ્ય બની જાય છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગોપીઓને વૃંદાવનની કુંજગલીમાં હિંડોળે હીંચકાવીને જે સુખ પ્રાપ્ત કર્યુ હતુ તેની ચિરકાલીન યાદ રાખવા વૃંદાવનના ઘણા મંદિરોમાં આ હિંડોળા ઉત્સવ ઝૂલા ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. વૈષ્ણવ મંદિરોમાં હિંડોળા ઉતસવ ઉજવાય છે. વૈષ્ણવી, પરંપરા મુજબ શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ અને રાધાજી સાથે રાસ રમીને લીલા કરી હતી તેની સ્મુર્તિઓ તાજી કરવા હિંડોળામાં પ્રિયા-પ્રીતમને ઝૂલાવવામાં આવે છે. વ્રજમાં શ્રી ગોવર્ધન, કરહલા, સંકેતવન, શ્રી વૃંદાવનધામ, બરસાના, શ્રીકુંડ, કામવન, મથુરા, ગોકુલ, રાંકોરા સ્થળોએ ઠાકોરજીએ અનેક લીલાઓ કરેલી હોવાથી તે સ્મૃતિની યાદમાં જુદા જુદા હિંડોળાઓની રચના કરીને ભક્તો પ્રભુને યાદ કરે છે. હિંડોળાના બે પ્રકારના હોય છે. બે ખંભનો અને ચાર ખંભનો, હિંડોળો સામાન્ય રીતે મંદિરોમાં બે ખંભના જ હિંડોળા વપરાય છે. ચાર ખંભના હિંડોળા ફળ, ફૂલ, ચોકલેટ, સૂકા મેવા વગેરેથી ભરવામાં આવે ત્યારે તેની ભવ્યતા ખરેખર જોવા જેવી હોય છે.

હિંડોળાની અવનવી વિવિધતા

- નાથદ્વારામાં લાકડા ઉપર સોનાના પતરા જડેલાં બીબાં હોય છે. જે ચાર ખંભના હિંડોળામાં ફળ, ફૂલ, સૂકો મેવો વગેરેથી ભરવામાં આવે ત્યારે તેની ભવ્યતા અનુપમ હોય છે જે અધિવાસન થયેલા હિંડોળા પર ચડાવવામાં આવે છે.
- નંદાલયોમાં અષાઢ વદ એકમથી આઠમ સુધી હિંડોળાની શરૂઆત થાય છે. ત્યારે મંદિરોમાં ડોલતિબારીમાં ચાંદીના અને સુરંગ હિંડોળા રોપવામાં આવે છે. આ હિંડોળા આખા હિંડોળા ઉત્સવ દરમિયાન હિંડોળા વિજય થાય ત્યાં સુધી બિરાજે છે.
- શ્રાવણ સુદ એકમથી શ્રાવણ સુદ આઠમ સુધી ઠાકોરજી વિવિધ કુંજોમાં હિંડોળામાં ઝૂલે છે.
- શ્રાવણ સુદ નોમથી શ્રાવણ સુદ ત્રીજથી શ્રાવણ સુદ પૂનમ સુધી રાધાવલ્લભલાલ ભવ્યાતિભવ્ય ઝૂલનાત્સવ થાય છે.

રાજ્યના ઈનોવેશન ક્લબના વિદ્યાર્થીઓ માટે કોડિંગ બુટકેમ્પનું આયોજન

ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આર્ટસ, કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે અમૃત નવસર્જન પ્લેટફોર્મ અંતર્ગત ત્રણ-દિવસીય રેસિડેન્શિયલ કેમ્પનું આયોજન : ગુજકોસ્ટ અને ડીએસટી કેમ્પના નોલેજ પાર્ટનર

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૨૧-૨૨ દરમિયાન ૪૮૩ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો, બિન-સરકારી ગ્રાન્ટેડ કોલેજો અને ગ્રામ વિદ્યાપીઠમાં ઈનોવેશન ક્લબની સ્થાપના કરવા માટે એક અનોખી યોજના બનાવી છે. આ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી ખાતે આગામી તા.૧૧મી જુલાઈ થી તા.૧૩મી જુલાઈ દરમિયાન આયોજિત થનારી ત્રણ દિવસીય કોડિંગ બૂટકેમ્પમાં ભાગ લેવા માટે કુલ ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં આઈઆઈટી-ગાંધીનગર, ડીએઆઈઆઈસિટી, ગુજરાત યુનિવર્સિટી, એનઆઈડી વગેરે સહિતની રાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતો દ્વારા ઈન્ટરેક્ટિવ સત્રોનો સમાવેશ થાય છે. એનિમેશન, ગેમ અને એપ્લિકેશન ડેવલપમેન્ટ પર ૧૦ ટ્રેનર્સ દ્વારા હેન્ડસ-ઓન ??વર્કશોપ લેવામાં આવશે જેમાં ૩ વિદ્યાર્થીઓના ૧૦ જુથ બનવવામાં આવશે. આ ઉપરાંત બુટકેમ્પમાં સ્કાય ઓબ્ઝર્વેશન, નેચર પાર્કમાં યોગાભ્યાસ, સાયન્સ સિટીની મુલાકાત અને વિદ્યાર્થીઓના વિચાર અને સર્જનાત્મકતાની અભિવ્યક્તિ માટે સંગીત સંધ્યા સહિતની અન્ય પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને વિષયમાં રસ જગાવશે અને વૈજ્ઞાનિક વલણ કેળવશે, બહારની વિચારસરણી, કલ્પના અને જિજ્ઞાસુ મનને પ્રોત્સાહિત કરશે અને સ્વસ્થ વલણ જાળવશે. જેથી વિદ્યાર્થીઓ રાષ્ટ્રના લોકોની સુખાકારી માટે અલગ અને નવીન પ્રોડક્ટ્સ બનાવી શકે. ઈનોવેશન ક્લબના ભાગ રૂપે ગુજકોસ્ટે ૧૦ ડુ-ઈટ-યોરસેલ્ફ કિટ્સનો એક સેટ ડિઝાઈન કર્યો છે જેમાં એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ કિટ, એગ્રીટેક કિટ, બેઝિક ઈલેક્ટ્રોનિક્સ, એનર્જી, સંરક્ષણ, મિકેનિકલ કીટ, વીઆર ગ્લોબ, મેકાટ્રોનિક્સ કીટ, ટેલીસ્કોપ કીટ, ડ્રોન કીટ અને સાયન્સ કીટનો સમાવેશ છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ઈનોવેશન ક્લબના વિદ્યાર્થીઓ માટે ત્રણ મહિનાનો તાલીમ કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમ રાજ્યના તમામ જિલ્લાઓ અને કોલેજોમાં વર્ચ્યુઅલ રીતે ૧૫ મોડ્યુલ પર હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમ પૂર્ણ થયા બાદ , પર્યાવરણ, સ્વચ્છતા અને જળ સંરક્ષણ, કોવિડ-૧૯ રસીકરણ અંગે જાગૃતિ, સજીવ ખેતી, ફિટ ઈન્ડિયા અને માદક દ્રવ્યોના વ્યસન અને અન્ય સામાજિક ગેરરીતિઓ અંગે જાગૃતિ સહિત પાંચ અલગ-અલગ થીમ પર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પાંચ થીમ પર, વિદ્યાર્થીઓને કોડ આધારિત પ્રોજેક્ટ તૈયાર કરવા અને સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું હતું. તમામ જિલ્લાના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૭૦૦ પ્રોજેક્ટ સબમિટ કરવામાં આવ્યા હતા. દરેક જિલ્લાઓ માટે રચાયેલી સમિતિની પેનલ દ્વારા પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને સમિતિએ કોડિંગમાં આગામી સ્તરની તાલીમ માટે ૩૦૦ પ્રોજેક્ટ્સની ભલામણ કરી હતી.

સ્થાનિક સમસ્યાઓના સ્થાનિક ઉકેલો માટે ઇનોવેશન ક્લબ

વિદ્યાર્થીઓના વિચારોને વ્યક્ત કરવા અને અન્વેષણ કરવા અને "સ્થાનિક સમસ્યાઓના સ્થાનિક ઉકેલો" શોધવા માટે ઈનોવેશન ક્લબ બનાવવામાં આવી રહી છે. ઈનોવેશન ક્લબના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ "સ્ટેમ" સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) શિક્ષણશાસ્ત્રના આધારે ડિઝાઈન કરવામાં આવી છે. તે ઘણી આકર્ષક પ્રવૃત્તિઓનું વાઈબ્રન્ટ હબ છે જેમની એક પ્રવૃતિ નેક્સ્ટ જનરેશન કોડર્સ વિકસાવવાની છે.

આ સંદર્ભમાં ગુજરાતી ભાષામાં બ્લોક કોડિંગ માટે અમૃત નવસર્જન પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ કોડિંગ પ્લેટફોર્મ પર આધારિત છે જે યુવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ૨૧મી સદી માટે સર્જનાત્મક, વ્યવસ્થિત રીતે કામ કરવા અને ટીમ સાથે સહયોગ સાથે કામ કરવા જેવી અત્યંત આવશ્યક કૌશલ્યોની શોધ અને વિકાસ કરવામાં મદદ કરે છે.

અરણ્ય ઉદ્યાનમાં બટરફ્લાય પાર્કમાંથી બટરફ્લાય ખોવાયા

યોગ્ય વાતાવરણ અનુકૂળ ન થતા અને અનુકૂળ છોડવાઓ ન મળતા બટરફ્લાય પાર્કમાંથી બટરફ્લાયની સંખ્યા ખૂબ ઘટી ગઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં અરણ્ય ઉદ્યાનની સુંદરતામાં વધારો કરતું સુંદર મજાનું બટરફ્લાય ગાર્ડન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં નાના બાળકોને સૌથી વધુ રસ પડે છે. આ ગાર્ડનનો નજારો જોવા જેવો તો છે જ પરંતુ જે જોવાલાયક હોવું જોઈએ તે જોવા મળી રહ્યું નથી. બટરફ્લાય ગાર્ડનમાં બટરફ્લાય સિવાય અન્ય જીવજંતુઓ અને કીટક દેશ્યમાન થઈ રહ્યા છે. પ્રવાસીઓ બટરફ્લાય ગાર્ડનમાં બટરફ્લાયને શોધી રહ્યા છે પરંતુ બટરફ્લાય નજરે પડતા નથી. બટરફ્લાય ગાર્ડનમાં યોગ્ય માવજત ન મળતાં બટરફ્લાયની પ્રજાતિઓ ખોવાઈ ગઈ છે. સુંદર મજાના બટરફ્લાય શરૂઆતના સમયમાં અહીંયા જોવા મળતા હતા. પરંતુ હાલમાં તે બટરફ્લાયનો નજારો ગાયબ થઈ જવા પામ્યો છે. બટરફ્લાય ગાર્ડન શોધતા શોધતા પ્રવાસીઓ દૂર દૂરથી આવતા હોય છે. જે હાલમાં પ્રવાસીઓની સંખ્યા પણ ઓછી થઈ ગઈ છે. પ્રવાસીઓ માત્ર બટરફ્લાય ગાર્ડનની સુંદરતાના ફોટાઓ પાડીને પાછા ફરે છે. અહીંયા જે આકર્ષણ હોવું જોઈએ તે હવે રહ્યું જ નથી તેમ કહી શકાય. આ ગાર્ડનમાં બટરફ્લાય જે તે છોડવાઓ પર બેસે, ફૂલો પર બેસે તે માટે ઘણા બધા છોડવાઓ વાવવામાં આવ્યા છે તેમ છતાં આ પ્રોજેક્ટ સફળ રહ્યો નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૬માં જૂન મહિનામાં અરણ્ય ઉદ્યાનનું ઉદ્ઘાટન કર્યુ હતુ. ત્યાર પછી અરણ્ય ઉદ્યાનનો વિકાસ કરવામાં આવ્યો અને આ બટરફ્લાય પાર્કનું આયોજન અહીંયા કરવામાં આવ્યું. શરૂઆતમાં અહીંયા ઘણા બધા બટરફ્લાય જોવા મળતા હતા. લોકો જોઈને આનંદ માણતા હતા, વીડીયો બનાવતા હતા, ફોટાઓ ક્લીક કરતા હતા. જ્યાં હવે માત્ર ગ્રીનરી જ જોવા મળી રહી છે. અરણ્ય ઉદ્યાનમાં તૈયાર કરાયેલા આ ગાર્ડનની જે આગવી ઓળખ છે તે દૂર થઈ ગઈ છે. જે જવાબદાર વન અધિકારીઓએ ધ્યાનમાં લેવું અનિવાર્ય રહેશે. આ બટરફ્લાય ગાર્ડનનું હવામાન અનુકૂળ ન આવતા અહીંયાથી બટરફ્લાય અદૃશ્ય થઈ ગયા છે. તથા બટરફ્લાયને અનુકૂળ છોડવાઓ જેવા કે ગંધેરી અને કૃષ્ણકમળ (હાથી સૂંઢી)ના છોડવાની સંખ્યા ઓછી હોવાથી બટરફ્લાય પાર્કમાં જોવા મળતા કલરફૂલ પંતગીયાઓ ગાયબ થઈ ગયા છે. તેથી બટરફ્લાય પાર્કનો આખો આ પ્રોજેક્ટ નિષ્ફળ નીવડેલો જોવા મળી રહ્યો છે.

ચોમાસુ શરૂ થાય એટલે જાતભાતના જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધે. પાંખોવાળા જીવજંતુઓ સાંજ પડતા જ પરેશાન કરી મુકે. જો કે ચોમાસાના જીવજંતુઓમાં એક અચરજ લાલ ગાય કે મામાની ગાય ચોક્કસ જોવા મળે છે. ચોમાસાની ઋતુની શરૂઆતમાં ઉઘાડ નીકળે તે સમયે રસ્તા પર બારીકાઈથી નજર નાંખો તો આ લાલ ગાયના નામે ઓળખાતુ નાનકડુ જંતુ જોવા જ મળી જાય. જાણે કુદરતે તેને મખમલના લાલ કલરના લીબાસ પહેરાવી દીધા હોય તેવો તેનો આકર્ષક દેખાવ હોય છે.

ગૌરીવ્રતની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર થઈ રહી છે. વ્રતના ભાગરૂપે વહેલી સવારે નાની બાળાઓ તૈયાર થઈને મંદિરે પહોંચી જાય છે. મંદિરમાં જઈ ગૌરીવ્રતની ખાસ પૂજા કરે છે. શહેરના મંદિરો નાની બાળાઓની અવરજવરથી ધમધમતા બન્યા છે.

રમતવીરો માટે રોકડ પુરસ્કારો અને પેન્શનની સુધારેલી યોજનાઓ અમલમાં

ખેલાડીઓને સુવિધા આપવા માટે વેબ પોર્ટલ અને ઇન્ટરેક્ટિવ વેબસાઇટ લોન્ચ કરાઇ : પેન્શન યોજનાઓ ઓનલાઈન કરાઇ : સુધારેલી યોજનાઓ રેકોર્ડ સમયમાં રમતવીરોને લાભ આપશે તેવો કેન્દ્રીય ખેલમંત્રીનો દાવો

ગાંધીનગર, તા.૧૦

ભારતવસરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કેન્દ્રીય મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે તાજેતરમાં નવી દિલ્હીમાં રોકડ પુરસ્કારો, રાષ્ટ્રીય કલ્યાણ અને રમતવીરોને પેન્શન, રાષ્ટ્રીય રમત વિકાસ ફંડની સુધારેલી યોજનાઓ, રમતગમત વિભાગની યોજનાઓ માટે વેબ પોર્ટલ અને વેબસાઇટનો શુભારંભ કર્યો છે. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે "આંતરરાષ્ટ્રીય રમતગમતના કાર્યક્રમોમાં મેડલ વિજેતાઓ અને તેમના કોચ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય નેશનલ વેલ્ફેર ફોર સ્પોર્ટ્સપર્સન અને પેન્શન ટુ મેરીટોરીયસ સ્પોર્ટ્સપર્સન સ્કીમમાં રમતગમત વિભાગે આ યોજનાઓને વધુ વપરાશકર્તા મૈત્રીપૂર્ણ, ઍક્સેસ કરવામાં સરળ અને પારદર્શક બનાવવાના વિઝન સાથે ઘણા મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. આ સુધારેલી યોજનાઓ રેકોર્ડ સમયમાં રમતવીરોને લાભ આપવા માટે વધુ પારદર્શિતા અને જવાબદારી પૂરી પાડશે."

આ સુધારા અનુસાર હવે કોઈપણ વ્યક્તિગત રમતવીર તેની પાત્રતા મુજબ ત્રણેય યોજનાઓ માટે સીધી અરજી કરી શકે છે. "અગાઉની દરખાસ્તો સ્પોર્ટ્સ ફેડરેશન કે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પ્રાપ્ત થતી હતી, જે દરખાસ્તો સબમિટ કરવા માટે નોંધપાત્ર સમય લેતી હતી. કેટલીકવાર દરખાસ્ત મંજૂર કરવામાં ૧થી ૨ વર્ષ કરતાં પણ વધુ સમય લાગતો હતો. હવે ખેલાડીઓએ સમયસર સબમિશન અને રોકડ પુરસ્કારની અનુગામી મંજૂરીની ખાતરી કરવા માટે, અરજદારે હવે ચોક્કસ ઈવેન્ટની છેલ્લી તારીખથી છ મહિનાની અંદર રોકડ પુરસ્કાર યોજના માટે ઑનલાઈન અરજી કરવાની જરૂર રહેશે. પ્રક્રિયાના સમયને ઘટાડવા માટે ત્રણેય યોજનાઓમાં ચકાસણી પ્રક્રિયાને ઘણી હદ સુધી સરળ બનાવવામાં આવી છે. કોચ(કો)ને સમયસર તેમનો રોકડ પુરસ્કાર મળે તેની ખાતરી કરવા માટે, યોજનામાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. ડેફલિમ્પિક્સના એથ્લેટ્સને પણ પેન્શન લાભો વધારવામાં આવ્યા છે. "આ યોજનાઓમાં ઉપરોક્ત વિશેષતાઓને અમલમાં મૂકવા માટે, રમતગમત વિભાગે ઉપરોક્ત યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે અરજી કરવા માટે ખેલાડીઓને સુવિધા આપવા માટે વેબ પોર્ટલ વિકસાવાયું છે. કેન્દ્રીય મંત્રીએ હાઈલાઈટ કર્યું કે વિભાગે 'નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ફંડ' માટે એક સમર્પિત ઈન્ટરેક્ટિવ વેબસાઈટ પણ વિકસાવી છે.

અનુરાગ સિંહ ઠાકુરે જણાવ્યું હતું કે આ ઓનલાઈન પોર્ટલ ખેલાડીઓની અરજીઓનું રીઅલ ટાઈમ ટ્રેકિંગ અને તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) દ્વારા પ્રમાણીકરણની સુવિધા આપશે. મંત્રાલયમાં અરજદારો દ્વારા અરજીઓની ભૌતિક રજૂઆત હવે જરૂરી રહેશે નહીં. પોર્ટલને ડીબીટી-એમઆઈએસ સાથે પણ સંકલિત કરવામાં આવ્યું છે જે ભારત સરકારના ડીબીટી મિશનના ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે ખેલાડીઓને સીધા તેમના બેંક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં સક્ષમ બનાવશે.